પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૧૨૮, કુલ પાના:૪, તારીખ: ૨૨-૦૧-૨૦૨૧ શુક્રવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 128 PRICE :-RS. 1.50 DATE : 22-01-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### એપ્રિલમાં રસીકરણનો પ્રથમ તબક્કો પૂર્ણ થશે

# બીજા તબક્કામાં PM મોદી સહિત મુખ્યમંત્રીઓ કોરોના વેક્સિન લેશે

ન્યુ દિલ્હી,

નવુ વર્ષ ભારતના લોકો માટે નવી આશાઓ લઈને આવ્યુ, જ્યાં ૧૬ જાન્યુઆરીથી કોરોના વાયરસ સામે રાષ્ટ્રીય રસીકરણ અભિયાન શરૂ થઈ ગયુ. આ અભિયાનના પહેલા તબક્કામાં આરોગ્યકર્મીઓ અને ફ્રંટલાઈન વર્કર્સને સીરમ ઈન્સ્ટીટ્યુટ અને ભારત બાયોટેકની રસી આપવામાં આવી રહી હતી. ત્યારબાદ બીજા તબક્કાનુ રસીકરણ અભિયાન શરૂ થશે જેમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિત બધા રાજ્યોના મુખ્યમંત્રીઓ રસી મૂકવામાં



આવશે.વાસ્તવમાં રસીકરણની શરૂઆતથી જ આ સવાલ ઉઠી રહ્યા હતા કે પીએમ, કેન્દ્રીય મંત્રી, મુખ્યમંત્રી અને અન્ય મોટા નેતા કોરોનાની રસી કેમ નથી લઈ રહ્યા. અમુક લોકો અફવાઓ પણ ફેલાવી રહ્યા હતા કે રસી વધુ સુરક્ષિત નથી. જેના કારણે નેતાઓ આને લેવાનુ ટાળી રહ્યા છે. સૂત્રો મુજબ કેન્દ્ર સરકાર આ ભ્રમને દૂર કરવા માંગે છે. જેના કારણે પીએમ મોદી ખુદ વેક્સીન લેશે. સાથે જ બધા રાજ્યોના મુખ્યમંત્રીઓને પણ વેક્સીનનો ડોઝ આપવામાં આવશે. વર્તમાન સમયમાં લોકસભામાં ૩૦૦થી વધુ અને રાજ્યસભામાં ૨૦૦થી વધુ સાંસદ ૫૦ વર્ષથી ઉંમર પાર કરી ચૂક્યા છે. એવામાં તેમને પણ રસી મૂકાશે. આનાથી જનતા વચ્ચે વેક્સીન સુરક્ષિત હોવાનો મજબૂત સંદેશ જશે.

વળી, વેક્સીન વિશે જ્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે બેઠક કરી હતી ત્યારે પણ પીએમે કહ્યુ હતુ કે કોઈએ પણ ગભરાવાની જરૂર નથી. બીજા ફેઝમાં એ બધાને રસી મૂકાઈ જશે જે ૫૦ વર્ષથી ઉપરના છે. જો કે હજુ એ નક્કી નથી કે બીજો તબક્કો ક્યારે શરૂ થશે અને આ અંગે કોઈ ગાઈડલાઈન પણ નક્કી થઈ નથી. સૂત્રો મુજબ જે

**લોકોના ભ્રમને દૂર કરવા વડાપ્રધાન મોદી ખુદ વેક્સિન લેશે, તેની સાથે તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓને પણ વેક્સિન આપવામાં આવશે વર્તમાન લોકસભામાં ૩૦૦થી વધુ અને રાજ્યસભામાં ૨૦૦થી વધુ સાંસદ ૫૦ વર્ષથી વધુ વયના છેલ્લા ૫ દિવસમાં ૭.૮૬ લાખ હેલ્થકેર વર્કર્સને વેક્સિનેટ કરાયા, બીજા તબક્કામાં ૫૦ વર્ષથી વધુ વયના લોકોને રસી અપાશે**

નેતાઓની ઉંમર ૮૦થી ઉપર છે તેમનુ પણ ખાસ ધ્યાન રાખવામાં આવી શકે છે. જેમાં બે પૂર્વ પ્રધાનમંત્રી મનમોહન સિંહ અને એચડી દેવગૌડાનુ નામ શામેલ છે.બીજા તબક્કામાં લશ્કર, અર્ધલશ્કર દળના જવાનો સહિત ૫૦થી વધુ ઉંમરના લોકોનું રસીકરણ હાથ ધરાશે. જો કે બીજો તબક્કો ક્યારથી શરૂ થશે તે અંગે કોઈ સ્પષ્ટતા નથી કરવામાં આવી. બીજા તબક્કાની ગાઈડલાઈન નક્કી થઈ ગઈ છે. બીજા ચરણમાં વડાપ્રધાન, કેટલાક રાજ્યના મુખ્યમંત્રી, રાજ્યપાલ તેમજ વીવીઆઈપી લોકોને રસીનો ડોઝ આપવામાં આવશે.કેન્દ્ર સરકારના જણાવ્યા મુજબ પહેલા તબક્કામાં ઝડપથી આરોગ્યકર્મીઓ અને ફ્રંટલાઈન વર્કર્સનુ રસીકરણ થઈ રહ્યુ છે. જે હેઠળ છેલ્લા પાંચ દિવસોમાં ૭.૮૬ લાખ લોકોને રસી મૂકાઈ છે. ઉત્તર પ્રદેશ, રાજસ્થાન જેવા અમુક રાજ્યોમાં તો અભિયાન ઝડપથી ચાલી રહ્યુ છે પરંતુ દિલ્લ, પંજાબ સહિત ઘણા રાજ્યોમાં મોટી સંખ્યામાં આરોગ્યકર્મીઓને વેક્સીન મળી શકી નથી. એવામાં તેમનુ કાઉન્સેલિંગ કરવામાં આવી રહ્યુ છે. આશા છે કે બીજો તબક્કો એપ્રિલમાં શરૂ થઈ જશે.

### કલાકોની જહેમત બાદ આગને કાબૂમાં લેવાઈ, આગનું કારણ અકબંધ

## પૂણેમાં સીરમ ઈન્સ્ટિટ્યૂટમાં આગ લાગતા અફડાતફડી: ૫ના મોત



પૂણે,

પૂણેની વેક્સિન બનાવતી કંપની સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાની એક બિલ્ડિંગમાં આગ લાગવાની ઘટના સામે આવી હતી, મળતી માહિતી અનુસાર આ આગને કાબૂમાં લઈ લેવામાં આવી છે, પરંતુ તાજેતરની માહિતી પ્રમાણે આ આગમાં ૫ લોકોના મોત થયાની જાણકારી સામે આવી છે. ૬ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. સીરમના પ્લાન્ટમાં આગ લાગી હોવાના અહેવાલને પગલે પ્લાન્ટની અંદર અફરાતફરી ફેલાઈ ગઈ હતી. સૂત્રોના મતે સીરમ ઈન્સ્ટિટ્યૂટના એક નિર્માણાધીન બિલ્ડિંગમાં આગ લાગી હતી જેને પગલે કોરોના વેક્સિનના ઉત્પાદન પર પ્રતિકૂળ અસર થવાની શક્યતા નથી. આગ લાગવાનું કારણ હજી સુધી જાણવા મળ્યું નથી.

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે જાણકારી મુજબ આગ કાબૂમાં છે, તેમણે કહ્યું કોવિડ વેક્સીનના યૂનિટમાં આગ નહોતી લાગી. મે કલેક્ટર અને નગર નિગમના આયુક્ત સાથે વાત કરી છે આગ કાબૂમાં છે. છ લોકોને બચાવાયા છે. આગ લાગવાના કારણો અંગે તપાસ કરવામાં આવશે.

પહેલાં SIIના CEO અદાર પૂનાવાલાએ સોશિયલ મીડિયામાં કહ્યું હતું કે આગથી કોઈ જાનહાની થઈ નથી. બાદમાં મોતની સુચના મળતા તેઓએ દુ:ખ વ્યક્ત કર્યું છે. તેઓએ કહ્યું કે દુર્ભાગ્યથી કેટલાંક લોકોના જીવ આ દૂર્ઘટનામાં ગઈ છે. જેનું અમને ઘણું જ દુ:ખ છે.

સિરમ ઈન્સ્ટિટયૂટના બીજા માળે આગ લાગી હતી. ફાયરની ૧૪ ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી હતી. આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે. પૂણેના સિરમ ઈન્સ્ટિટ્યૂના બીજા માળે આગનો બનાવ બન્યો છે. સદનસીબે જ્યાં કોરોના વેક્સિન બને છે તે પ્લાન્ટ સલામત હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે. આ આગ સીરમના નવા પ્લાન્ટમાં લાગી છે.

મહારાષ્ટ્રના પૂણેની મંજરી સ્થિત સીરમ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ઈન્ડિયાના નવા પ્લાનમાં આગનો બનાવ બન્યો હતો. ૩૦૦ કરોડના ખર્ચે બનેલ આ પ્લાનટ કોરોના વેક્સિન કોવશિલ્ડનું મોટા પાયે પ્રોડ્કશન કરવાની યોજના છે. ગત વર્ષે કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડોકટર હર્ષવર્ધને આ પ્લાન્ટનું ઉધ્ધાટન કર્યું હતું, પરંતુ આ પ્લાન્ટમાં હાલ વેક્સિનનું ઉત્પાદન શરુ કરવામાં આવ્યું નથી.

સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા પુણે ખાતે કોરોના વેક્સિન કોવીશીલ્ડ બનાવવામાં આવી રહી છે. જેની, ભારત સહીત દુનિયાના અનેક દેશોમાં મોકલવામાં આવી રહી છે.

## ખેડૂતો ૨૬ જાન્યુઆરીએ ટ્રેક્ટર રેલી કાઢવા મક્કમ, પોલીસ સાથેની બેઠક અનિર્ણિત

ન્યુ દિલ્હી

ખેડૂત આંદોલનનો ૫૭મો દિવસ છે. નવા કૃષિ કાયદાને રદ કરવાની માંગને લઈને પંજાબ સહિત કેટલાક રાજ્યના ખેડૂત દિલ્હી બોર્ડર પર પ્રદર્શન કરી રહ્યા છે. ખેડૂતો સાથે પોલીસની બેઠકમાં કોઇ પરિણામ આવ્યુ નહતું. સતત ત્રીજા દિવસે પોલીસે ખેડૂતોને મનાવવાનો પ્રયાસ કર્યો હતો. બેઠકમાં દિલ્હી, હરિયાણા અને ઉત્તર પ્રદેશના પોલીસ અધિકારી સામેલ થયા હતા. બેઠકમાં ખેડૂતોએ સ્પષ્ટ કર્યુ કે તે કોઇ પણ ભોગે દિલ્હીના આઉટર રિંગ રોડમાં ટ્રેક્ટર માર્ચ કાઢશે.દિલ્હી પોલીસનું કહેવુ છે કે તે ગણતંત્ર દિવસને જોતા આઉટર રિંગ રોડમાં ટ્રેક્ટર રેલીની પરવાનગી નથી આપી શકતા. દિલ્હી પોલીસે સૂચન આપ્યુ કે ખેડૂત કેએમપી હાઈવે પર પોતાની ટ્રેક્ટર માર્ચ કાઢે. ગણતંત્ર દિવસને જોતા ટ્રેક્ટર માર્ચને સુરક્ષા આપવામાં કઠિનાઇ થશે.બેઠક બાદ સ્વરાજ અભિયાનના નેતા યોગેન્દ્ર યાદવે જણાવ્યુ- પોલીસ ઈચ્છે છે કે ખેડૂત દિલ્હીની બહાર જ રેલી કાઢે પરંતુ આ શક્ય નથી. અમે દિલ્હીની અંદર શાંતિથી રેલી કાઢીશું.ખેડૂત નેતા દર્શન પાલે કહ્યુ, "બેઠકમાં દિલ્હી પોલીસે કહ્યુ કે આઉટર રિંગ રોડ પર પરવાનગી આપવી મુશ્કેલ છે અને સરકાર પણ તેની માટે તૈયાર નથી પરંતુ અમે કહી દીધુ છે કે અમે રિંગ રોડ પર જ રેલી કરીશું, તેમણે (પોલીસે) કહ્યુ કે અમે જોઈએ છીએ. કાલે અમારી પોલીસ સાથે ફરી બેઠક મળશે."મહત્વપૂર્ણ છે કે નવા કૃષિ કાયદા પર ગતિરોધ દૂર કરવા માટે બુધવારે ૧૦માં તબક્કાની બેઠકમાં કેન્દ્ર સરકાર થોડી ઝુંકી હતી અને કાયદાને ૧.૫ વર્ષ માટે રદ કરવાનો પ્રસ્તાવ આપ્યો હતો. સરકારે ખેડૂત સંગઠન અને સરકારના પ્રતિનિધિઓની એક સંયુક્ત સમિતીની રચના કરવાનો પણ પ્રસ્તાવ આપ્યો છે પરંતુ ખેડૂત નેતાઓએ તેને ફગાવી દીધો હતો અને કહ્યુ કે તે એક બીજા સાથે ચર્ચા બાદ કેન્દ્ર સામે પોતાના વિચાર મુકશે.

## ઈરાકની રાજધાની બગદાદમાં આત્મઘાતી હુમલો: ૨૦થી વધુના મોત

બગદાદ

ઈરાકની રાજધાની બગદાદમાં ગુરૂવારે આત્મઘાતી હુમલો થયો જેમાં ૨૦થી વધુ લોકોના મોત થયા છે. અધિકારીઓએ જણાવ્યું કે, અહીં બે વિસ્ફોટ થયા છે, ઈજાગ્રસ્તોમાં ઘણાની સ્થિતિ ગંભીર છે. બગદાદના તાયારાન સ્ક્વેયરમાં વિસ્ફોટનો અવાજ સાંભળવા મળ્યો છે. હાલ આ હુમલાની જવાબદારી કોઈએ લીધી નથી.



રાજધાનીમાં વિસ્ફોટની ઘટનાઓ ખુબ ઓછી થાય છે. આ પહેલા બગદાદમાં ૨૦૧૭ની જાન્યુઆરીમાં હુમલો થયો હતો ત્યારે તાયારન સ્ક્વેયર પર ૨૭ લોકોના મોત થયા હતા.

ત્રણ પોલીસ અધિકારીઓએ કહ્યું કે, સેન્ટ્રલ બગદાદના કોમર્શિયલ સેન્ટરમાં બે ધમાકા થયા. ઈરાકી સ્ટેટ ટેલીવિઝને જણાવ્યું કે, આ આત્મઘાતી વિસ્ફોટ છે. નામ ન જણાવવાની શરત પર એક અધિકારીએ કહ્યું કે, બગદાદના વ્યસ્ત કોમર્શિયલ વિસ્તારમાં આ વર્ષે પ્રથમ હુમલો છે. મહત્વનું છે કે આ દિવસોમાં ઈરાકમાં રાજકીય તણાવ છે અને અહીં ઓક્ટોબરમાં ચૂંટણીનું આયોજન છે. સુરક્ષા અધિકારીઓએ જણાવ્યું કે, છેલ્લા બે વર્ષોમાં આ પ્રથમ આત્મઘાતી હુમલો છે. તેમના અનુસાર આ ઘટનાને અંજામ આપનાર બે હુમલાવર હતા. પ્રથમ હુમલાવર બીમાર હોવાના બહાને ઘુસ્યો અને મદદ માગી રહ્યો હતો. બીજો બાઈક પર આવ્યો હતો.

### પુલવામા હુમલો સુનિયોજિત ષડયંત્ર હતું: શિવસેના

## ભાજપએ ચૂંટણી જીતવા પુલવામા હુમલામાં ૪૦ જવાનોનું લોહી વહાવ્યું

ન્યુ દિલ્હી,

એક સમયે ત્રણ ત્રણ દાયકા સુધી ભાજપની સાથે રહેલા શિવસેનાએ એવો ગંભીર આક્ષેપ કર્યો હતો કે ચૂંટણી જીતવા માટે ખુદ ભાજપે પુલવામામાં ૪૦ સીઆરપીએફ જવાનોનું લોહી વહાવ્યું હતું.




ટીઆરપી વધારવા વિવિધ ટીવી ચેનલ્સ દ્વારા રમાતા કાવાદાવાની તપાસ દરમિયાન રિપબ્લિક ટીવીના વડા તંત્રી અર્ણબ ગોસ્વામી અને બાર્કના ભૂતપૂર્વ વડાની વ્હૉટ્સ એપ ચેટ બહાર આવ્યા પછી શિવસેનાએ આવો ગંભીર આક્ષેપ કર્યો હતો.

પોતાના મુખપત્ર સામનામાં લખેલા અગ્રલેખમાં શિવસેનાએ કહ્યું હતું કે પુલવામાની ઘટના આતંકવાદી હુમલો નહોતો પણ ભાજપે ચૂંટણી જીતવા માટે સીઆરપીએફના ૪૦ જવાનોનું લોહી રેડ્યું હતું. અર્ણબ ગોસ્વામીની બહાર આવેલી વ્હૉટ્સ એપ ચેટ આવા આક્ષેપોને સમર્થ આપે છે. અર્ણબ ગોસ્વામીની ટીવી ચેનલે ટીઆરપી વધારવા માટે આ પ્રકારના ગોરખધંધા કર્યા હતા.

સામનામાં વધુમાં લખવામાં આવ્યું હતું કે અર્ણબ ગોસ્વામીની વ્હોટ્સ એપ ચેટે રાષ્ટ્રીય સલામતી સાથે સંકળાયેલી ઘણી વાતો પ્રગટ કરી દીધી હતી. આ મુદ્દે ભાજપ કેમ તાંડવ નથી કરતું. ચીને અરુણાચલ પ્રદેશમાં ઘુસણખોરી કરીને ગામ વસાવી દીધું એ મુદ્દે કેમ ભાજપ તાંડવ નથી કરી રહ્યું. અર્ણબ ગોસ્વામીને રાષ્ટ્રીય સલામતીને લગતી ગુપ્ત બાબતો કોણે આપી હતી, એની સામે ક્યારે પગલાં લેવાશે એ ભાજપે સ્પષ્ટ કરવું જોઈએ.સામનામાં ભાજપની આજના જેવી આકરી ટીકા અગાઉ બહુ ઓછા પ્રસંગે થઈ હતી. સામનાએ લખ્યું કે અર્ણબ ગોસ્વામીએ ૪૦ જવાનોની શહાદતનું ઘોર અપમાન કર્યું હતું. એવું અપમાન તો પાકિસ્તાનીઓએ પણ નથી કર્યું. અર્ણબના દેશદ્રોહના મુદ્દે ભાજપ મોઢામાં મગ ભરીને કેમ બેઠો છે.

### કોંગ્રેસે પણ તપાસની માંગણી કરી

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ રક્ષામંત્રી એકે એન્ટની સહિત સુશીલ કુમાર શિંદે, સલમાન ખુર્શીદ અને ગુલામનબી આઝાદે પણ બુધવારના રોજ પત્રકાર પરિષદમાં આ મામલાની તપાસ કરાવા અને 'સરકારી ગોપનીયતા અધિનિયમ'ની અંતર્ગત કર્યવાહી કરવાની માંગણી કરી છે. આખા કેસને દેશદ્રોહ જ ગણાવતા કોંગ્રેસ નેતાઓએ આ મુદ્દાને સંસદ સત્રમાં ઉઠાવાના સંકેત પણ આપ્યા છે. આ પ્રકરણમાં જે સચ્ચાઇ છે, તેને સરકારને બહાર લાવવી જોઈએ.

## સોમવારથી ધો.૯ અને ધો.૧૧ની સ્કૂલો શરૂ થાય એવી શક્યતા

ગાંધીનગર,

કોરોનાને કારણે ગુજરાતમાં બંધ થયેલું ઓફલાઈન શિક્ષણ શરૂ કરવા માટે શિક્ષણ વિભાગ સક્રિય બન્યો છે, જેમાં ધોરણ ૧૦ અને ૧૨ની શરૂઆત કર્યા બાદ ફેબ્રુઆરીમાં ધોરણ ૯ અને ૧૧, એ પછી માર્ચ મહિનામાં ધોરણ ૬થી ૮ની સ્કૂલો અને અંતમાં એપ્રિલથી ધોરણ ૧થી ૫ની પ્રાથમિક શિક્ષણ માટેની સ્કૂલો શરૂ કરવાનું પ્લાનિંગ કરી રહ્યો છે, જેમાં સૌથી મહત્ત્વનું વિચારણામાં છે કે આ વર્ષે લાંબું ઉનાળુ વેકેશન રાખવું નહીં, માત્ર એક કે બે અઠવાડિયાં પૂરતું જ વેકેશન રાખવું, સાથે સાથે મે મહિનામાં ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા લીધા બાદ ધોરણ ૧થી ૮ અને ૯ તથા ૧૧ની જૂન મહિનામાં પરીક્ષાઓ યોજાય, એ મામલે શિક્ષણ વિભાગ ખાસ એકેડેમિક કેલેન્ડર તૈયાર કરી રહ્યો હોવાનું જાણવા મળે છે.

ગુજરાતમાં કોરોનાના ઘટતા જતા કેસ બાદ ગત ૧૧ જાન્યુઆરીથી ધોરણ ૧૦ અને ૧૨ની શાળાઓ શરૂ કરવામાં આવી છે, જેમાં કોઈ મોટું વિઘ્ન ના આવતા અને અત્યારસુધીમાં કોવિડની ગાઈડલાઈન્સ મુજબ, શૈક્ષણિક કાર્ય ચાલી રહ્યું છે, એને ધ્યાનમાં રાખીને હવે શિક્ષણ વિભાગ અને આરોગ્ય વિભાગ સાથે સંકલન રાખીને તબક્કાવાર સંપૂર્ણ શૈક્ષણિક કાર્ય શરૂ કરવામાં આવે એવી શક્યતા છે. ફેબ્રુઆરી મહિનાના આરંભથી ધોરણ ૯ અને ૧૧ માટે શાળાઓ શરૂ કરવાની તૈયારી કરી લીધી છે.

૧૧ જાન્યુઆરીથી ધોરણ ૧૦ અને ૧૨ના વર્ગખંડો શરૂ કર્યા બાદ જે શહેર કે ગામમાં કોવિડ-૧૯ના કેસોનું પ્રમાણ ઊંચું રહે છે ત્યાં વિદ્યાર્થી અને શિક્ષકોમાં ચેપનો ફેલાવો થયો છે કે કેમ? એની સમીક્ષા સાથેનો રિપોર્ટ જે-તે જિલ્લા શિક્ષણાધિકારી પાસેથી મગાવવામાં આવી રહ્યો છે, જેના આધારે ૨૫ જાન્યુઆરીને સોમવાર અથવા તો ૧લી ફેબ્રુઆરી ને સોમવારથી ૯ અને ૧૧ માટે સ્કૂલો શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવી શકે છે.

**બીજો પ્રયત્ન જાહેર નિવિદા**

જનરલ હોસ્પીટલ પંચમહાલ-ગોધરા ખાતે ડેન્ટલ વિભાગમાં એન.ઓ.એચ.પી.પ્રોગ્રામ હેઠળ ડેન્ચર અને કાઉનની કામગીરી કરાવવાની થાય છે. આ માટે જાણકાર અને રસ ધરાવતી કંપનીઓ / પેઢીઓ / પાસેથી સીલ બંધ કવરમાં ટેન્ડર થી ભાવો મંગાવવામાં આવે છે. આ અંગેના ટેન્ડર ફોર્મ જીલ્લા એન.સી.ડી.સેલ, જનરલ હોસ્પીટલ ગોધરા ખાતેથી જાહેરાત પ્રસિધ્ધ થયે તા.૨૫/૦૧/૨૦૨૧ થી તા.૩૧/૦૧/૨૦૨૧ સુધીમાં કચેરી સમય દરમ્યાન જાહેર રજાના દિવસો સીવાય કંપનીએ પોતાના લેટર પેડ પર રૂ.૨૦૦/-ની ફી સાથે અરજી કરીને મેળવી લેવાના રહેશે. ભરેલ ટેન્ડર ફોર્મ ફકત રજી.એ.ડી. / સ્પીડ પોસ્ટ થી તા.૦૫/૦૨/૨૦૨૧ સુધીમા મોકલી આપવાના રહેશે.

મુખ્ય જીલ્લા તબીબી અધિકારી,
સહ સિવિલ સર્જન,
જીલ્લા એન.સી.ડી.સેલ જનરલ હોસ્પીટલ પંચમહાલ-ગોધરા.

માહિતી/ગોધરા/૭૬૮/૨૦૨૧

**કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.**

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**કે. એન. શેઠ**

મુ. ચરણદાસનો ખાંચો, તા. હાલોલ

**કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.**

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**આર. કે. શાહ**

મુ. અભેટવા, તા. હાલોલ

# ગુજરાત મહિલા આયોગના ચેરપર્સન લીલાબેન અંકોલિયાની અધ્યક્ષતામાં નારી સંમેલન યોજાયું

લુણાવાડા,

મહીસાગર જિલ્લામાં ગુજરાત રાજ્ય મહિલા આયોગ ગાંધીનગર અને જિલ્લા વહીવટી તંત્રના સંયુકત ઉપક્રમે વિરપુર અને લુણાવાડા ખાતે મહિલાઓના બંધારણીય-કાયદાકીય અધિકારો અને મહિલાલક્ષી યોજનાઓથી વાકેફ થાય તેમજ નારી અદાલત અંગે સમજ અને મહિલાઓનો સર્વાંગી વિકાસ અને સશક્તિકરણ થાય તેવા શુભ આશય સાથે ગુજરાત મહિલા આયોગના ચેરપર્સન શ્રીમતિ લીલાબેન અંકોલિયાની અદયક્ષતામાં નારી સંમેલન યોજાયું હતું.

ગુજરાત મહિલા આયોગના ચેરપર્સન શ્રીમતિ લીલાબેન અંકોલિયાએ જણાવ્યું



કે, આયોગ પાસે આવેલ ફરિયાદ કોર્ટમાં પહોંચે તે પહેલાં સરળતાથી નિરાકરણ થાય તેવા અભિગમ સાથે કામ કરી રહ્યુ છે. તેમજ આયોગ ક્યારેય નથી ઈચ્છતું કે કોઈનો ઘર સંસાર તૂટે, શક્ય હોય ત્યાં સુધી પ્રશ્નોનુ સમજાવટથી નિરાકરણ આવે તેવા પ્રયાસો કરવામાં આવે છે. રાજ્ય મહિલા આયોગ એક તરફી કામગીરી નહી કરીને, અમારા પાસે આવનાર દરેક ફરિયાદોની તથ્યો-વિગતો તપાસીને ન્યાય કરવામાં આવે છે. આયોગ પુરૂષો જોડે ક્યારેય અન્યાય કરવા માંગતુ નથી. તેનો ઉલ્લેખ કરતા મતિ અંકોલિયાએ, મહિલાઓને પુરૂષ સમોવડી બનવુ હશે તો તેમને તેમની સાથે કદમ મિલાવી કામ કરવુ પડશે અને મહિલાઓએ નાની-નાની બાબતોને મોટું સ્વરૂપ આપવાથી બચવું જોઈએ તેવો અનુરોધ તેમણે કર્યો હતો.

મહિલાઓની સુરક્ષા, સમાનતા હક્કોનુ રક્ષણ અને મહિલાઓનું સશક્તિકરણ રાજ્ય સરકાર અને આયોગની પ્રાથમિકતા છે. સારા સમાજના નિર્માણ માટે મહિલાઓએ આગળ આવવુ અનિવાર્ય બની ગયું હોવાનું જણાવ્યું હતું.

મહિલાઓ સાથે અત્યાચાર અને તેમના શોષણ પાછળ મહંદઅંશે શિક્ષણનો અભાવ કારણભૂત હોય છે. જેથી એક સારા સમાજના નિર્માણ માટે માટે આપણી દિકરીઓને ભણાવવી એટલી જ જરૂરી છે. રાજ્ય સરકારે અનેક મહિલાલક્ષી યોજના અમલમાં મૂકી નવા આયામો ઉભા કર્યા છે. જેમાં નારી અદાલત, મહિલા પોલીસ સ્ટેશન, ૧૮૧ હેલ્પપાલઈન જેવી અનેક યોજનાઓનો સમાવેશ થાય છે. કોરોનો કાળમાં અનેક ઘરેલુ હિંસાના બનાવો સામે આવ્યા. આ સ્થિતિમાં આયોગ દ્વારા વીડિયો કોન્ફરન્સમાં માધ્યમથી ૧૦ હજાર બહેનો જોડે પરામર્શ કરીને સીધુ માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું. ઉપરાંત લગ્નજીવનમાં આવતી સમસ્યાઓના નિરાકરણ માટે લગ્ન પહેલાં કાઉન્સેલિંગની સેવા આયોગ દ્વારા પૂરી પાડવામાં આવે છે. ખાસ કરીને પતિ-પત્ની શિક્ષકના કિસ્સામાં બન્ને સાથે રહે તેવી વ્યવસ્થા કરવા શિક્ષણ વિભાગને ભલામણ રાજ્ય મહિલા આયોગ દ્વારા કરવામાં આવી રહી હોવાનું શ્રીમતિ અંકોલિયાએ ઉમેર્યું હતું.

મહિલાઓના પ્રશ્નોનુ ઘરઆંગણ નિરાકરણ અને ન્યાય મળે તે માટે રાજ્યમાં ૨૭૦ જેટલી નારી અદાલત કાર્યરત છે. આ અદાલતમાં ૪૦૦ જેટલી બહેનો કામ કરી રહી છે અને ૪૦૦૦ જેટલી બહેનો સ્વેચ્છાએ નારી અદાલત સાથે જોડાયેલી છે. જે છેવાડાના વિસ્તારમાં મહિલાઓ સાથે અનિચ્છનિય બનાવ બનતો હોય તો તેની જાણકારી પહોંચાડે છે.

ગુજરાત રાજ્ય મહિલા આયોગના કાયદાકીય અધિકારી મતિ ભારતીબેન ગઢવી જણાવ્યું કે, લીલાબેન અંકોલીયાના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ ગુજરાત મહિલા આયોગ દ્વારા ૬૦, ૦૦૦ થી વધુ પ્રશ્નોનું નિરાકરણ કર્યું છે. તેમજ ૩૧૮ જેટલા નારી સંમેલન યોજી ૨.૫૦ લાખથી વધુ મહિલાઓને સીધું માર્ગદર્શન પહોચાડ્યું છે. આમ, રાજ્ય મહિલા આયોગ દ્વારા સતત મહિલાઓના સામાજિક અને શૈક્ષણિક ઉત્કર્ષના પ્રયાસો કરવામાં આવે છે આ પ્રસંગે લુણાવાડા ધારાસભ્ય જીગ્નેશભાઇ સેવકે જણાવ્યું હતું કે, મહિલાઓ પર થતા અત્યાચાર અને તેમનું શોષણ શિક્ષણના માધ્યમથી જ અટકાવી શકાશે. જેથી મહિલાઓમાં શિક્ષણનો વ્યાપ વધવાથી મહિલાઓનું શોષણ અને તેમના પર થતા અત્યાચાર અટકાવી શકાશે. સાથે જ પુરૂષ પ્રધાન સમાજમાં વ્યાપ્ત સામાજિક દોષણોને ડામી શકશે તેમ જણાવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીએ મહિલા આયોગના ચેરપર્સન મતી અંકોલિયાએ મહિલાઓના કલ્યાણ માટે અનેક યોજનાઓ અમલમાં મૂકી પહેલરૂપ કામગીરી કરી છે. સમગ્ર દેશમાં ૨૫૦ થી વધુ નારી અદાલત શરૂ કરનાર દેશનુ પ્રથમ રાજ્ય ગુજરાત બન્યું છે. સાથે જ તેમણે મહિલાઓ સાથે સીધો સંવાદ સાધી સરકારી યોજનાઓ વિશે મહિલાઓ પાસેથી પ્રતિભાવ મળવ્યા હતા. તેમણે ઉમેર્યું કે, મહિલાઓ દરેક ક્ષેત્રમાં આગળ વધી રહી છે. ત્યારે માત્ર નોકરી-વ્યવસાય માટે જ શિક્ષણ જરૂરી નથી પણ જીવન બહેતર બનાવવા અને સારી રીતે જીવનવ્યાપન કરવા માટે શિક્ષણ જરૂરી છે. ઉપરાંત મહિલાઓના પ્રશ્નો ઉકેલવા જિલ્લા વહીવટી તંત્ર તત્પર અને કટિબદ્ધ હોવાનુ ઉમેર્યું હતું.

## ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા રાજ્યના કલાકારોને પ્રોત્સાહિત કરવાના હેતુથી વર્ષ ૨૦૧૯-૨૦૨૦ માટે ગૌરવ પુરસ્કારથી સન્માનિત કરાશે

લુણાવાડા,

કલાકારોને પ્રોત્સહિત કરવાના હેતુથી ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા કલાકારોને ગૌરવ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવશે. જે અંતર્ગત રૂ. ૫૧,૦૦૦નો રોકડ પુરસ્કાર, શાલ, તામ્રપત્ર આપવામાં આવશે. ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની લલિતકલા અકાદમી દ્વારા રાજયના ચિત્રકલા, છબિકલા, શિલ્પકલા સહિતનાં ક્ષેત્રમાં વિશિષ્ટ અને ગણનાપાત્ર યોગદાન પ્રદાન કરનારા ગુજરાત રાજ્યમાં સ્થાયી થયેલા ગુજરાતના કલાકારોનું સન્માન કરાશે. લલિતકલા અકાદમી ગૌરવ પુરૂસ્કૃત કલાકારો, અકાદમીના ભૂતપૂર્વ સભ્યો, અદયશ્રઓ, સાંસદસભ્યઓ, ધારાસભ્યઓ તથા માન્ય યુનિવર્સિટીના કુલપતિઓ કલાકારોની ભલામણ કરી શકશે, તેમજ કલાકાર જાતે પણ અરજી કરી શકશે. ગૌરવ પુરસ્કાર સન્માનને પાત્ર કલાકારોએ નામ, સરનામું, જન્મતારીખ-ઉંમર, ટેલીફોન/મોબાઈલ નંબર, ગૌરવ પુરસ્કારનું ક્ષેત્ર, કલાના ક્ષેત્રમાં કરેલ પ્રમુખ પ્રદાનની વિગત, તેને સમર્થન આપતી વિગતો (બાયોડેટા) તથા આધારકાર્ડ/ચુંટણીકાર્ડની ઝેરોક્ષ સહિતની માહિતી સાથે લલિતકલા અકાદમીના કાર્યાલય ખાતે અરજી કરવાની રહેશે.

સ્પર્ધામાં નામાંકન કરવા ઈચ્છૂક કલાકારોએ આગામી તા. ૨૨મી ફેબ્રુઆરી-૨૦૨૧ સુધીમાં સચિવ, ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી, રવિશંકર રાવળ કલા ભવન, ભાઈકા કાકા હોલની સામે, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬ને અરજીપત્રકો રજૂ કરવાના રહેશે. ગૌરવ પુરસ્કાર માટે અગાઉ અરજી કરી હોય તેવા કલાકારોએ નવેસરથી ભલામણ કે અરજી કરવાની રહેશે. પરંતુ જે કલાકારોએ વર્ષ ૨૦૧૬-૧૭, વર્ષ ૨૦૧૭-૧૮ અને વર્ષ ૨૦૧૮-૧૯ માટે ગૌરવ પુરસ્કાર મેળવવા અરજી કરી હોય તે કલાકારોએ પુનઃઅરજી કરવાની રહેશે નહીં. ગૌરવ પુરસ્કાર માટે કલાકારની પસંદગી અંગે સક્ષમ સમિતિનો નિર્ણય આખરી ગણાશે. મળેલી ભલામણો પરત કરવામાં આવશે નહીં જેની નોંધ લેવા પણ લલિત કલા અકાદમી સચિવની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## મહીસાગર જિલ્લામાં આજે ૦૨ પોઝિટિવ કેસ નોંધાયા

લુણાવાડા,

કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેક્ટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.મહીસાગર જિલ્લામાં આજે લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૧-૦૧-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૧૯૮૬ કેસ પોઝીટીવ નોધાયા છે. આજે જિલ્લામાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી કડાણા તાલુકાના ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાના ૦૨ પુરૂષો, સંતરામપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષનો કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે.આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૯૩૩ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૪ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફ્લુ/કોરોનાના કુલ ૧૧૭૫૪૫ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૨૧૮ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે. મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૨ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૦૪ દર્દી હોમ આઈસોલેશન અને ૦૩ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે.કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૦૭ દર્દીઓ સ્ટેબલ અને ૦૨ દર્દીઓ ઓક્સિજન પર છે.

## ગરબાડાની યુવતિનું અપહરણ કરી એમ.પી.ના ગામમાં ગોંધી રાખી દુષ્કર્મ આચરતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડા નગરમાંથી એક ૧૯ વર્ષીય યુવતીનું દાહોદ તાલુકાના જેકોટ ગામે રહેતો યુવક અપહરણ કરી લઈ નાસી જઈ યુવતીને મદયપ્રદેશના એક ગામમાં મકાનમાં ગોંધી રાખ્યાં બાદ અવાર નવાર આ યુવતી ઉપર યુવકે બળાત્કાર ગુજાર્યાની યુવતીએ ગરબાડા પોલીસ મથકે આવી ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસનો ધમધમાટ આરંભ કર્યો છે.દાહોદ તાલુકાના જેકોટ ગામે આશ્રમ ફળિયામાં રહેતો જયદિપભાઈ ગોપાલભાઈ ગોહિલે ગત તા.૧૦મી ડિસેમ્બરના રોજ ગરબાડા તાલુકામાં રહેતી એક ૧૯ વર્ષીય યુવતીના ઘર તરફ આવ્યો હતો અને યુવતીને મોબાઈલ ફોન ઉપર કોલ કરી ઘરની બહાર બોલાવી હતી. ઘરની બહાર યુવતીને બોલાવી બળજબરીપુર્વક તેનો હાથ પકડી મારી નાંખવાની ધમકી આપી તેનું અપહરણ કરી લઈ મધ્યપ્રદેશના રોટલાગોળા ગામે લઈ ગયો હતો અને જ્યાં આ યુવતીને ગોંધી રાખી અવાર નવરા તેણીની મરજી વિરૂદ્ધ જયદિપભાઈએ બળાત્કાર ગુજારતાં આખરે જયદિપભાઈના ચંગુલમાંથી છુટી યુવતી પોતાના ઘરે આવી સમગ્ર ઘટનાની જાણ પોતાના પરિવારને જણાવતાં પરિવારના પગ તળેથી જમીન સરકી ગઈ હતી અને યુવતીને લઈ પરિવારજનો ગરબાડા પોલીસ મથકે આવ્યાં હતાં. આ સંબધે અપહરણ અને બળાત્કારનો ભોગ બનેલ ૧૯ વર્ષીય યુવતીએ યુવક જયદિપભાઈ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ગરબાડાના બોરીયાળા ગામે કોતરમાં ગૌવંશનું કત્તલ કરતાં એક ઈસમને ઝડપી પાડયો

દાહોદ,

ગરબાડા તાલુકાના બોરીયાળા ગામે ચાર જેટલા ઈસમોએ એક કોતરમાં ખુલ્લામાં ગૌવંશનું કતલ કરી રૂા.૨૮૦૦નો ગૌવંશનો બગાડ કરતાં પોલીસે ચાર પૈકી એકને ઝડપી પાડ્યો જ્યારે ત્રણ જણા પોલીસને ચકમો આપી નાસી જતાં પોલીસે ઘરપકડના ચક્રોગતિમાન કર્યાં છે.વિપુલભાઈ માનસીંગભાઈ ડામોર (રહે.બોરીયાળા), તુસારભાઈ રમેશભાઈ ખરાડ (રહે.બોરીયાળા), રાજુભાઈ કેશાભાઈ કટારા અને મલાભાઈ ચુનીયાભાઈ કટારા (બંન્ને રહે.વાંકીયા) નાઓ ગત તા.૧૯મી જાન્યુઆરીના રોજ ગામમાં આવેલ દિવાનીચાવાડ સીમાનાડાની કોતરમાં ખુલ્લામાં ગૌવંશનું કતલ કર્યું હતું અને આ અંગેની પોલીસને માહિતી મળતાંની સાથે જ પોલીસ જવાનો આ સ્થળે દોડી ગયા હતાં જ્યા પોલીસને જોતા વેંત ચારેયમાં નાસભાગના દ્રશ્યો સર્જાયા હતાં પરંતુ પોલીસે વિપુલભાઈની અટક કરી હતી જ્યારે બીજા મોટરસાઈકલ પર સવાર થઈ નાસી જવામાં સફળ રહ્યાં હતાં. પોલીસે સ્થળ પરથી રૂા.૨૮૦૦ની કિંમતની ગૌમાંસ કબજે લઈ તમામ વિરૂધ્ધ પશુ સંરક્ષણ સુધારા અધિનિયમની કલમ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દે.બારીઆ માન સરોવરમાં મળેલ મહિલાનો મૃતદેહ સાતકુંડા ગામની મહિલા

દાહોદ,

દેવગઢ બારીઆ તાલુકામાં આવેલ માન સરોવર તળાવમાંથી બે દિવસ પહેલા એક પરણિતાની લાશ મળી આવી હતી. આ મામલે પોલીસે ઘનિષ્ઠ તપાસનો આરંભ કરતાંની સાથે જ પરણિતાના પિતા દ્વારા પોતાની પુત્રીના સાસરીયા પક્ષના વ્યક્તિઓ દ્વારા નોકરી છોડી દેવા દબાણ તેમજ આ બાબતે શારિરીક તેમજ માનસીક ત્રાસ આપતાં પોતાની દિકરીને પતિ તથા સાસરીયાઓ દ્વારા મરી જવા માટે મજબુર કરતાં પરણિતાએ તળાવમાં ઝંપલાવી પોતાનો જીવ આપી દિધો હોવાની પરણિતાના પિતા દ્વારા ફરિયાદ નોંધાવતાં પોલીસે પતિ તથા સાસરીયાઓ વિરૂદ્ધ ગુનો નોંધી તપાસનો ધમધમાટ આરંભ કર્યો છે.ગત તા.૨૦મી જાન્યુઆરીના રોજ દેવગઢ બારીઆ તાલુકાના સાતકુંડા ગામે રકહેતી ભારતીબેન નામક પરણિત મહિલાની લાશ માન સરોવર તળાવમાંથી મળી આવી હતી. આ સંદર્ભે ભારતીબેનના પિતા શનાભાઈ ભાવાભાઈ બારીયા (રહે.મોટી ખજુરી,તા.દેવગઢ બારીઆ) દ્વારા પોતાના જમાઈ વિપુલભાઈ ગણપતભાઈ રાઠવા તથા વેવાઈ ગણપતભાઈ ભાવસીંગભાઈ રાઠવા અને મધુબેન ગણપતભાઈ રાઠવા દ્વારા પોતાની દિકરી ભારતીબેનને અવાર નવાર મેણા ટોણા મારી કહેતાં હતાં કે, તું નોકરી છોડી દે અને નોકરી નહીં છોડે તો તારા બાપના ઘરે જતી રહે, તેમ કહી ભારતીબેનને અવાર નવાર શારિરીક અને માનસીક ત્રાસ આપતાં હતાં. આવા અમાનુષી ત્રાસથી વાજ આવેલ ભારતીબેન દ્વારા માનસરોવર તળાવમાં મોતની ઝલાંગ લવાની આત્મહત્યાં કરી લીધી હોવાની ભારતીબેનને પિતા શનાભાઈ દ્વારા પોતાના જમાઈ અને વેવાઈ વિરૂદ્ધ દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ આપતાં પોલીસે તમામ વિરૂદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## વીરપુર તાલુકા બી.આર.સી. ભવન દ્વારા ટોય ફેર ૨૦૨૦/૨૧ યોજાયો

વિરપુર,

તા.૨૧/૦૨/૨૦૨૧ને ગુરૂવારના રોજ તાલુકાક્ષાનો ટોયફેર ૨૦૨૦/૨૧ યોજાયો. જેનું સમગ્ર આયોજન બી.આર.સી. ભવન વિરપુર દ્વારા કરવામાં આવેલ. જેમાં માઈક્રોસોફટ ટીપ્સ દ્વારા તાલુકાના ૨૦ શિક્ષકો પોતાની કૃતિ રજુ કરી હતી. જેમાં બોર પ્રા.શાળા તા.વિરપુરના આચાર્ય જે.કે.પરમાર દ્વારા ઓનલાઈન રમકડા વિભાગ-૬ થી ૮ માં વિવિધ એપનો ઉપયોગ કરી બાળકો શિક્ષણ મેળવે તે રજુ કરવામાં આવેલ. જયારે શાળાના અન્ય શિક્ષક શ્રીમતી રમીલાબેન દ્વારા ધો. ૩ થી ૫ માં પાસની રમત વિશે રજુઆત કરવામાં આવી હતી.

## ઝાલોદના હડમત ખુંટા ગામે મીટીંગ યોજવાની અદાવતે ધિંગાણું મચાવતા ફરિયાદ

દાહોદ

ઝાલોદ તાલુકાના હડમતખુંટા ગામે ગામમાં યોજાયેલ મીટીંગમાં એક યુવકે આગેવાની લેતાં આ બાબતે અદાવત રાખી સાત જેટલા વ્યક્તિઓ ગેરકાયદેસર મંડળી બનાવી મારક હથિયારો ધારણ કરી ધસી આવી એકને લાકડી વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી ભારે ધિંગાણું મચાવતાં પંથકમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો.

જીતેન્દ્રભાઈ બચુભાઈ ડામોર, મહેશભાઈ સમુભાઈ ડામોર, શિલ્પનભાઈ ભુપેન્દ્રભાઈ ડામોર, બચુભાઈ ભુરાભાઈ ડામોર, અંકિતભાઈ રમેશભાઈ ડામોર (આ તમામ રહે. હડમતખુંટા) અને બ્રિજેશભાઈ ભરતભાઈ ભાભોર (રહે. બોરીદા) અને અંકિતભાઈ સુરતાનભાઈ કલારા (રહે.ચિત્રોડીયા) નાઓએ ગત તા.૧૪મી જાન્યુઆરીના રોજ એકસંપક થઈ ગેરકાયદેસ મંડળી બનાવી પોતાની સાથે મારક હથિયારો ધારણ કરી કીકીયારીઓ કરી ગામમાં રહેતા છગનભાઈ રંગજીભાઈ ડામોરના ઘરે ધસી આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી કહેલા લાગેલ કે, છોકરો યોગેશ જાફરપુરા ગામની બૈરી લઈ આવ્યો છે, તેમાં તમારો છોકરો ગીરીશ ઉર્ફે ગૌરાંગ ગામમાં મીટીંગ કરી કેમ આગેવાની લીધેલી છે તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ લાકડીઓ તેમજ ગડદાપાટ્ટુનો માર મારી ગીરીશ ઉર્ફે ગૌરાંગને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં આ સંબંધે છગનભાઈ રંગજીભાઈ ડામોરે ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી તમામના ઘરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૨૨-૦૧-૨૦૨૧, શુક્રવાર, પોષ સુદ-૯, સૂર્યોદય-૭-૩૦, સૂર્યાસ્ત-૬-૨૬, જૈન નવકારશી-૮-૧૮, આજની રાશિ : વૃષભ (બ.વ.ઉ.), નક્ષત્રઃ ભરણી

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૧૨-૩૭થી અભિજીત-૧૩-૨૧, ૭-૩૦-ચલ-લાભ-અમૃત-૧૧-૩૬ સુધી, ૧૨-૫૯થી શુભ-૧૪-૨૧ સુધી, ૧૭-૦૫ થી ચલ-૧૮-૨૮ સુધી, ૨૧-૪૩થી લાભ-૨૩-૨૧ સુધી<br>- શુભ હોરા-<br>૭-૩૦થી ૧૦-૧૪ સુધી, ૧૧-૦૯થી ૧૨-૦૪ સુધી, ૧૩-૫૩ થી ૧૬-૩૮ સુધી, ૧૭-૩૩ થી ૧૮-૨૮ સુધી |

## દૈનિક રાશીફળ

તા.૨૨.૦૧.૨૦૨૧ શુક્રવાર

મેષ (અ.લ.ઈ.):-સારા સમાચાર મળવાની શક્યતા છે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકોને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. બાળકોને તેમના અભ્યાસ પર ધ્યાન આપવાની તથા તેમના ભવિષ્યની યોજનાઓ ઘડવા પર ધ્યાન આપવાની જરૂર છે.

વૃષભ(બ.વ.ઉ.):—મોતિયાના દરદીઓએ પ્રદૂષિત વાતાવરણ હોય તેવા સ્થળની મુલાકાત લેવાનું ટાળવું જોઈએ, કેમ કે ધુમાડાને કારણે આંખોને વધુ નુકસાન થઈ શકે છે. શક્ય હોય તો સૂર્યપ્રકાશ સાથે સંપર્ક પણ ટાળવો. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે.

મિથુન(ક.છ.ઘ.):-તમારી જાતે જ કોઈ દવા લેવાનું ટાળજો કેમ કે એવું કરવાથી ડ્રગ ડિપેન્ડન્સીની શક્યતા વધી શકે છે. તમારા ભાઈ બહેનો માં થી આજે કોઈ તમારી જોડે પૈસા ઉધાર માંગી શકે છે, તમે તેમને પૈસા આપી તો દેશો પરંતુ આના થી તમારા આર્થિક હાલત ખરાબ થયી શકે છે.

કર્ક(ડ.હ.):-શક્ય હોય તો લાંબી મુસાફરી ટાળવી કેમ કે મુસાફરી કરવા માટે તમે ખૂબ જ નબળા છો અને આ મુસાફરી તમને વધુ નબળા પાડી શકે છે. આજે કોઈ વિપરીત લિંગી ની મદદ થી તમને નોકરી અથવા વેપાર માં આર્થિક લાભ થવા ની શક્યતા છે.

સિંહ(મ.ટ.):-તમારા કામ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં તમને મુશ્કેલી પડતી હોય તેવું લાગશે-કેમ કે તમારી તબિયત આજે બરાબર નથી. રોકાણ કરવું જોઈએ પણ એ પૂર્વે યોગ્ય સલાહ લો. પ્રેમ-સાથ સહવાસ તથા બંધનમાં વધારો થશે. પ્રેમ એ તમારા પ્રિયપાત્ર સાથે અનુભવવાની તથા શૅર કરવાની લાગણી છે.

કન્યા(પ.ઠ.ણ.):-આજે સ્વાસ્થ્ય બરાબર રહેશે. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. આજના તમારા વર્તનને કારણે તમારી સાથે રહેતી વ્યક્તિ તમારાથી અત્યંત નારાજ થશે. તમારી વાત સાચી સાબિત કરવા માટે તમે આજ ના દિવસે તમારા જીવનસાથી સાથે ઝઘડો કરી શકો છો. જો કે તમારો સાથી સમજણ બતાવી ને તમને શાંત કરશે.

તુલા(ર.ત.):- થોડી મોજ-મજા માટે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો. આજે વધુ એક ઉચ્ચ-ઊર્જાયુક્ત દિવસ છે તથા અણધાર્યા લાભની શક્યતા છે. નવો દેખાવ-નવાં કપડાં-નવા મિત્રો આજે તમારા થશે. જે લોકો તેમના પ્રેમી થી દૂર રહે છે તે આજે તેમના પ્રેમી ને યાદ કરી શકે છે.

વૃશ્ચિક(ન.ય.):- તમારામાંના કેટલાકને આજે મહત્વના નિર્ણયો લેવાની ફરજ પડશે જે તમને તાણગ્રસ્ત અને ઉદ્દીગ્ન કરી મુકશે. જો તમે ઘર થી બહાર રહી નોકરી અથવા ભણતર કરતા હોવ તો એવા લોકો થી દૂર રહો જે તમારું ધન અને સમય બરબાદ કરે.

ધન(ભ.ધ.ફ.ઢ.):- તમારો જીદ્દી અભિગમ તમારા ખુશખુશાલ જીવન માટે ત્યજી દો, કેમ કે આ બાબત સમયનો નર્યો વેડફાટ છે. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે.

મકર(ખ.જ.):- માનસિક તથા મૂલ્ય શિક્ષણની સાથે શારીરિક શિક્ષણ લેશો તો જ તમારો સંપૂર્ણ વિકાસ શક્યા બનશે. યાદ રાખો એક સ્વસ્થ શરીરમાં જ એક સ્વસ્થ મગજ વસે છે. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. આજે તમે તમારા ઘરમાં તથા આસપાસ કેટલાક ફેરફાર કરો એવી શક્યતા છે. પવિત્ર અને નિર્ભેળ પ્રેમને અનુભવો.

કુંભ(ગ.શ.સ.):- લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો. ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે. પારિવારિક મેળાવડામાં તમે કેન્દ્રસ્થાને રહેશો.

મીન(દ.ચ.ઝ.):-મુશ્કેલીઓ પર નિવાસ કરવાની તથા તેને અનેકગણી વધારવાની તમારી ટેવ તમારા નૈતિક તંતુને નબળો પાડી શકે છે. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે.

ગુજરાત સરકાર







# શિક્ષણ, સ્વાસ્થ્ય, સુરક્ષા કે રોજગાર

## મહિલાઓનાં હિત માટે પ્રતિબદ્ધ સરકાર

મહિલાઓનું સશક્તિકરણ એ ગુજરાત સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા

### ગુજરાત સરકાર દ્વારા મહિલાઓનાં સર્વાંગી વિકાસ માટે લેવામાં આવી રહેલા મહત્વપૂર્ણ પગલાં

### શિક્ષણ

**મહિલાઓનું શૈક્ષણિક સશક્તિકરણ- કન્યા કેળવણીની દિશામાં આગેકદમ**

- વ્હાલી દીકરી યોજનાઃ દીકરીઓનો જન્મદર વધે, ડ્રોપઆઉટ રેશીયો ઘટે તે હેતુથી દીકરીને પ્રથમ ધોરણમાં પ્રવેશ વખતે રૂ.૪૦૦૦, નવમાં ધોરણમાં પ્રવેશ વખતે રૂ. ૬૦૦૦ અને ૧૮ વર્ષની ઉંમરે ઉચ્ચશિક્ષણ/લગ્નમાં રૂ. ૧,૦૦,૦૦૦ ની સહાય
- બેટી બચાવો બેટી પઢાવોઃ આ સામાજિક અભિયાન દ્વારા દીકરીનો જન્મદર વધે, દીકરીઓમાં માધ્યમિક શિક્ષણનો દર વધે, સ્વાસ્થ્ય અને સુરક્ષા માટેના પરિણામલક્ષી પગલાં
- કસ્તુરબા ગાંધી વિદ્યાલયઃ રેસિડેન્શિઅલ હોસ્ટેલ કમ સ્કૂલોમાં અભ્યાસ કરતી ૧૫૦૦૦ કન્યાઓ માટે વિનામૂલ્યે રહેવા તથા ભોજનની વ્યવસ્થા સુનિશ્ચિત
- મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના અન્વયે MBBSમાં અભ્યાસ કરતી ૫૧૧૧ વિદ્યાર્થીનીઓને રૂ. ૧૧૬.૭૧ કરોડની સહાય

### રોજગાર

**સ્વરોજગાર દ્વારા મહિલાઓનું આર્થિક સશક્તિકરણ**

- મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના
  - મહિલાઓના સામાજિક અને આર્થિક ઉત્થાન માટેનો ક્રાંતિકારી નિર્ણય
  - ૧૦ લાખ મહિલાઓને 0% વ્યાજે રૂ. ૧૦૦૦ કરોડ સુધીનું ધિરાણ અપાશે
  - ૧૦ મહિલાઓનું ૧ જૂથ એમ કુલ ૧ લાખ મહિલા જૂથોને આપવામાં આવશે ૧ લાખ રૂપિયાનું ધિરાણ
- સ્થાનિક સ્વરાજયની સંસ્થાોમાં ૫૦ ટકા મહિલા આરક્ષણ અને સરકારી નોકરીઓમાં ૩૩ ટકા બેઠકો મહિલાઓ માટે આરક્ષિત રાખીને ગુજરાત સરકારે મહિલાઓને આપી સમાન તક
- વર્કિંગ વુમન હોસ્ટેલઃ રાજયમાં કુલ ૧૫ વર્કિંગ વુમન હોસ્ટેલ કાર્યરતઃ બોટાદ, સુરત અને ભરૂચ જિલ્લામાં હોસ્ટેલનું કામ પ્રગતિમાં

### સશક્તિકરણ

- ગંગા સ્વરૂપ આર્થિક સહાય યોજના હેઠળ અંદાજિત ૮ લાખ વિધવા બહેનોને ૧૨૫૦ રૂપિયાની પ્રતિ માસ સહાય
- મહિલાઓનું જીવન ધૂમાડામુક્ત બનાવ્યું -રાજયના ૨૫ લાખ ઘરોને ઉજજવલા યોજના અંતર્ગત નિઃશુલ્ક રાંધણગેસના કનેક્શન આપવામાં આવ્યાં
- મહિલાઓને દૂર પાણી ભરવા જવાના કામમાંથી મળી રહી છે મુક્તિ, નલ સે જલ યોજના અંતર્ગત ૮૦% ઘરોમાં સીધું પાણી પહોંચાડ્યું
- ગ્રામ્ય મહિલાઓના સર્વાંગી વિકાસ અને સશક્તિકરણ માટે તાલુકા અને જિલ્લા કક્ષાએ મહિલા શક્તિ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા. રાજયના ૨૬ જિલ્લાઓમાં આ કેન્દ્રો કાર્યરત

### મહિલા સુરક્ષા

**ગુજરાતમાં કાયદા ને વ્યવસ્થાનું રાજ, સરકારે જીત્યો મહિલાઓનો વિશ્વાસ**

- ૧૮૧ અભયમ્ હેલ્પલાઈનઃ એક ફોન કોલ અને મહિલાની સુરક્ષા માટે પોલીસ હાજર
- વન સ્ટોપ સેન્ટરઃ પીડિત મહિલાને એક જ જગ્યાએ (૨૪x૭) મળી રહી છે. કાયદાકીય સહાય, પોલીસ સહાય, તબીબી સહાય, સામાજિક સમસ્યામાં પરામર્શ સેવા
- ચેઈન સ્નેચિંગ પર કડક કાયદો લાવ્યાં, દારૂબંધીને વધુ કડક કરતો કાયદો લાગુ કરાયો
- બળાત્કારીઓને કડકમાં કડક સજા મળે તે માટે કાયદો બનાવ્યો
- પોલીસ સ્ટેશન બેઈઝ્ડ સપોર્ટ સેન્ટરઃ ઘરેલું હિંસા અને અન્ય સમસ્યાઓથી પીડિત અને જરૂરિયાતમંદ મહિલાઓને કાઉન્સેલીંગ માટે ૩૩ જિલ્લાઓમાં ૬૫ સેન્ટર કાર્યરત
- મહિલા સેલ્ફ ડિફેન્સ ટ્રેનિંગઃ આત્મ સુરક્ષા માટે મહિલાઓને અપાઈ રહી છે તાલીમ
- નારી અદાલતઃ ગુજરાત સરકાર દ્વારા ૨૭૦ નારી અદાલતોની સ્થાપના કરવામાં આવી છે. જેના દ્વારા ૧૨૪૭૭ કેસનું સમાધાન કરવામાં આવ્યું છે.
- રાજયના ૩૪ જિલ્લા મુખ્ય મથકો, ૬ પવિત્ર યાત્રાધામો અને સ્ટેચ્યૂ ઓફ યુનિટી મળી કુલ ૪૧ સ્થળોએ ૧૨૩૮ જંક્શનો ઉપર ૭૦૦૦થી વધુ CCTV કેમેરાનું નેટવર્ક.
- એન્ટી સાઈબર બુલિંગ યુનિટની સ્થાપનાથી મહિલાઓને સાયબર બુલિંગથી રાહત

### સ્વાસ્થ્ય અને પોષણ

**સશક્ત મહિલા, સુપોષિત ગુજરાત**

- પૂરક પોષણ યોજના, પ્રધાનમંત્રી માતૃવંદના યોજના, બાલસખા યોજના, કસ્તુરબા પોષણ સહાય યોજના, પૂર્ણા યોજના જેવી વિવિધ યોજનાઓ થકી ધાત્રી માતા અને બાળકોને પોષણયુક્ત આહાર મળે અને મહિલાઓ રોગમુક્ત રહે તેના માટે સરકાર ખડે પગે.
- દૂધ સંજીવની યોજનાઃ છેલ્લા ૪ વર્ષમાં આંગણવાડી અને પ્રાથમિક શાળાના બાળકો, ધાત્રી માતાઓ સહિત અંદાજિત ૪૩ લાખ લાભાર્થીઓને ફ્લેવર્ડ દૂધ
- ૩૩.૫૦ લાખ ગ્રામ્ય અને ૫ લાખ શહેરી વિસ્તારમાં કુલ ૩૮.૫૦ લાખ શૌચાલયો નિર્માણ કરીને ગુજરાત ODF રાજ્ય જાહેર, જેનો નારી સમ્માન અને નારી સ્વાસ્થ્ય સાથે સીધો નાતો છે

## નિર્ણાયક નેતા, મજબૂત સરકાર



**નારી સુરક્ષા, સમ્માન અને મહિલા સશક્તિકરણ માટે ગુજરાત સરકાર કટિબદ્ધ છે.**

- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

# દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના ઢેડીયા ખાતે મનરેગા યોજનામાં પગાર બાબતે થયેલા ભ્રષ્ટાચારને લઈને રણનીતિ નક્કી કરવામાં આવી

દાહોદ, ઢેડીયા મનરેગા યોજનામાં થયેલા ભ્રષ્ટાચારને લઈને શ્રમિકો દ્વારા તાલુકા જીલ્લા સહિત ઉચ્ચકક્ષાએ રજુઆત છતા પણ પોતાના હકકના નાણાં મેળવવા માટે કચેરીઓના ધક્કા ખાઈ બાય બાય ચાયણી થી કંટાળેલા ગ્રામજનો પ્રાથમિક શાળામાં એકઠા થઈ અગાઉની રણનીતિ માટે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

લોકડાઉન દરમ્યાન લોકોને રોજીરોટી મળી રહે તેને ધ્યાને લઈને નરેગા યોજના હેઠળ કામો શરૂ કરવામાં આવ્યાં હતાં.જે અંતર્ગત ઢેઢીયા ગામે તળાવ ચેકડેમો કેટલશેડ અને આવાસ સહિતના કામો શરૂ થતાં જ ગામના ૫૦૦ જેટલા લોકોએ નરેગા યોજના હેઠળના કામોમાં પોતાના પરિવારનું પેટીયું રળવા માટે બળબળતા તાપમાં કોરોનાકાળમા પોતાનો જીવ જોખમ માં મૂકીને પરિવારની ચિંતા કરી મજુરી કરવા લાગી ગયાં હતાં જે પરસેવાના પૈસા ગરીબ પરિવારોને ચૂકવવાને બદલે તાલુકા વહિવટી તંત્ર ના કેટલાય મળતિયાઓ દ્વારા બારોબાર ખોટા એકાઉન્ટ ભૂતિયા જોબકાર્ડ બનાવી ની લાખ્ખો રૃપિયાના નાણાંની ઉચાપત થતાં મજુરો દ્વારા અને તાલુકા જિલ્લા તેમજ ઉચ્ચ કક્ષાએ લેખિત મૌખિક રજુઆતો કરવામાં આવી હતી.જે બાદ તાલુકા અધિકારી દ્વારા ટીમ બનાવી તપાસના આદેશ આપ્યાં હતાં. ટીમ દ્વારા પણ પૂરતી તપાસ કરવાને બદલે માત્ર બેન્કોના ૧૦૬ જેટલા ખોટા ખાતાઓ અને પોસ્ટ ઓફિસના તમામ ખાતાઓ બોગસ બતાવી માત્ર રૂપિયા ૯૯૭૬૦ નો રિપોર્ટ રજુ કરાયો હતો. ટીમ દ્વારા પણ મજૂરો સાથે ખોટો અન્યાય થયો હોવાને લઈને મજુરી ખર્ચ પેટે થયેલા ભ્રષ્ટાચાર ને લઈ ૫૦૦

ઉપરાંત લોકોનાં બાકી રહેતી રકમ અને મજુરી કરેલા દિવસોની પૂરેપૂરી યાદી સાથે તાલુકા જિલ્લા તેમજ ઉચ્ચ કક્ષાએ લેખિત મૌખિક રજુઆત કરવા મા આવી હતી છતાં પણ કોઈ કાર્યવાહી ન થતા તાલુકા પંચાયતના ઘેરાની ઘેરાવની ચીમકી ઉચ્ચારતાંજ જિલ્લા તંત્ર અને પોલીસ વિભાગ દ્વારા દોડધામ મચી હતી.અને પોલીસે મધ્યસ્થી બની ૧૫ દિવસ મા યોગ્ય તપાસ કરી નાણાં ચૂકવી આપવામાં આવશે તેવ આશ્વાસન આપવામાં આવ્યું હતું હવે જે બાદ તાલુકા પંચાયત નો ઘેરાવો મોકૂફ રાખ્યો હતો બે માસ વીતી ગયા છતાં પણ મજૂર અને મજૂરીના હકના નાણાં જમા ન થતા ૧૬મી ને શનિવારના રોજ ગ્રામજનો દ્વારા પ્રાથમિક શાળામાં એકતા થઈ વહીવટીતંત્ર સામે પોતાના હકના નાણાં મેળવવા માટે ભયો ચડાવવા માટેની તૈયારીઓ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી..

# દાહોદ જિલ્લાના સંજેલી મા પંચાયત પાસે પુરતી સત્તા હોવા છતા પણ માથાભારે યુવકે બાંધકામ પૂર્ણ કર્યું

સંજેલી, સંજેલી હોળી ફળિયા વિસ્તારમાં થયેલા ગેરકાયદેસર દબાણોને લઈને રજુઆતમાં પંચાયત દ્વારા ગોળગોળ જવાબો રજુ કરાતા ટીડીઓ દ્વારા ગંભીર નોંધ લઈ સ્પષ્ટ અહેવાલ મોકલવા તેમજ સરકારી જમીનમાં બાંધકામ થતું અટકાવી દૂર કરવા માટેની કાયદેસરની કાર્યવાહી કરવા નોટીસ ફટકારતા ખળભળાટ મચી જવા પામ્યો હતો.સંજેલી ઝાલોદ રોડ પર આવેલી હોળી ફળિયા વિસ્તારમાં માથાભારે યુવક દ્વારા કાયદાની એસીતેસી કરી પંચાયતની નોટિસને ઘોળીને પી જઈ સરકારી જમીન પર જ ગેરકાયદેસર મકાન બાંધી દેતા સ્થાનિક લોકોને તેમજ આદિવાસી ખેડૂતને પોતાના ખેતરમાં વાહનની અવરજવર કરવામાં થયેલી મુશ્કેલીને લઈને તાલુકા સહિત જિલ્લાના અધિકારીને રજુઆત કરવામાં આવી હતી. જેને ધ્યાને લઈને તારીખ ૫-૧૨-૨૦ ના રોજ તાલુકા અધિકારી દ્વારા પંચાયતને તપાસના આદેશ આપ્યાં હતાં.પરંતુ પંચાયત તંત્ર દબાણ કરનાર પર મહેરબાન હોય કે ખાયકી કરવામાં આવી હોય તે રજૂઆતને પણ ઘોળીને પી જઈ તાલુકા અધિકારીને ગેરમાર્ગે દોરવા સરપંચ તલાટી દ્વારા ગોળગોળ અહેવાલ રજુ કરવામાં આવ્યો હતો.ટીડીઓને અહેવાલ સંતોષકારક ન જણાતાં ૧૩-૧-૨૦ ના રોજ ગંભીર નોંધ લઈ બાંધકામ બાબતે સ્પષ્ટ અહેવાલ મોકલવા માટે નોટિસ ફટકારવામાં આવી હતી. એક તરફ સરકાર દ્વારા ગૌચર અને પંચાયતની જમીનો ખુલ્લી કરવા માટે આદેશો કરવામાં આવી રહ્યા છે ત્યારે બીજી તરફ સંજેલી પંચાયત ભુમાફિયા ને છાવરવામાં આવી રહ્યાં છે. માથાભારે યુવક દ્વારા પંચાયતની નોટિસને પણ ઘોળીને પી જઈ સરકારી જમીનમાં ખુલ્લેઆમ બાંધકામ પૂર્ણ કરીયું. ત્યારે આ બાબતે જિલ્લાના અધિકારી દ્વારા તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે કે પછી છાવરવામાં આવશે તે પણ તાલુકામાં ચર્ચાનો વિષય બન્યો છે.

## દાહોદમાં આજે વધુ ૦૩ કોરોના દર્દીઓનો સમાવેશ થતાં જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૨૭૮૬ ને પાર થઈ ચુક્યો છે

દાહોદ,આર.ટી.પી.સી.આર.ના ૧૮૦ પૈકી ૦૩ અને રેપીટ ટેસ્ટના ૪૩૭ પૈકી આજે એકેય કેસ સામે આવ્યો નથી. આ ૦૩ પૈકી દાહોદ અર્બનમાંથી ૦૧ અને લીમખેડામાંથી ૨ કેસનો સમાવેશ થાય છે. આજે વધુ ૧૧ દર્દીઓએ હોસ્પિટલમાંથી રજા લેતાં એક્ટીવ કેસની સંખ્યા ૪૨ રહેવા પામી છે અને અત્યાર સુધી કોરોનાથી કુલ ૯૬ લોકો પોતાનો જીવ ગુમાવી ચુક્યાં છે.

# સંજેલીના ગોવિંદ તળાઈ ગામે લુંટારૂઓએ બંદૂકની અણીએ ૬૦ હજારની લુંટ કરી ફરાર

દાહોદ, સંજેલી તાલુકાના ગોવિંદા તળાઈ ગામે એક ઘરમાં ચોરો દ્વારા લૂંટ કરવામાં આવી હતી.રાતના સમયે ઘરના પાછળના ખેતરના ભાગમાંથી પાછલા દરવાજેથી છુપી રીતે પ્રવેશ કરી ઘરમાં પ્રવેશી ઘરમાં માલિક કાંતિભાઈ બારિયા અને તેમના પત્નીને બંદૂક અને તલવારની નોક ઉપર રાખી લૂંટચલાવી હતી.ઘર માલિક કાંતિભાઈ અને તેમના પત્ની પોતાના ઘરમાં હતા.તે સમયે ઘરના વાડાના ભાગમાં કંઈક અવાજ આવતા કાંતિભાઈના પતની ઘરના વાડાના ભાગની તરફ જોવા જતા તેમનો સામનો ઘરની અંદર પ્રવેશી ચૂકેલા લૂંટારૂ ટોળકી સાથે થતા તેમનો જીવ અદ્ધર થઈ ગયો હતો.લૂંટારૂ ટોળકીએ મારક હથિયાર બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી ઘરમાં જ બંને પતિ-પત્નીને એક તરફ કરી દીધા હતા.અને તેમને બંદૂક તેમજ તલવાર ધારિયાઓ બતાવી અને બૂમાબૂમ કરશો તો તમને જાનથી મારી નાખીશું તેવી દ્વારા ટોળકી દ્વારા ધમકી આપી હતી.ત્યારે પતિ-પત્ની ગભરાઈ ગયા હતા. તેમજલૂંટારૂ ટોળકીએ ઘરમાં પડેલા સરસામાનને વેરવિખેર કરી નાખ્યો હતો.ઘરમાં પડેલા અનાજના પિપડાઓમા તેમજ પેટી પટારામાં અને ઘરમાં અલગ-અલગ જગ્યાઓમાં રૂપિયા તેમજ રકમની શોધખોળ કરી હતી અને ઘરમાં બધું વેરવિખેર કરી નાખ્યું હતું . તેમજ ઘરની મહિલાનું કાનના તેમજ ગળાનો હાર અને છડા પણ કઢાવી લીધા હતા.આશરે એક લાખની રકમ તેમજ રોકડ ૬૦ હજારની સનસનાટીભરી લૂંટ ચલાવી ભાગી ગયા હતા. જોકે ગામમાં લૂંટ થયા હોવાની વાત વાયુ વેગે ફેલાતા આસપાસમાં તેમજ તાલુકામાં ભયનો માહોલ ફેલાઈ જવા પામ્યો હતો.ચોરીના બનાવને લઈને સંજેલી પોલીસ મથકે જાણ થતાં સંજેલી પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી તેમજ ઝીણવટ ભરી તપાસ હાથ ધરવામાં આવી છે .

# દાહોદના રેટીંચા ગામે જમીન બાબતની તકરારમાં એક વ્યકિતને મારમારતાં ફરિયાદ

દાહોદ, દાહોદ તાલુકાના રેટીંચા ગામે જમીન સંબંધી મામલે પોલીસમાં કેસ કરવા મામલે ત્રણ જણાએ એકને લાકડાના બેટ વડે, પથ્થરો વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે તેમજ હાથે પગે માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકીઓ આપતાં ગંભીર ઈજાગ્રસ્ત વ્યકિતને સારવાર અર્થે ખસેડયા બાદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુન્હેગારોની ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

# કાલોલ તાલુકાના વેજલપુર ગામ તળાવમાંથી બેફામ માટીનું ખનન કરતાં ખનિજ માફિયા

વેજલપુર, પંચમહાલ જીલ્લામાં અનેક ગામોના તળાવોમાથી ગેરકાયદેસર રીતે કોઈપણ જાતની પરવાનગી વગર માટીનું ખનન કરવમાં આવતું હોય છે. કાલોલના વેજલપુર ગામના તળાવમાંથી ખનિજ માફિયાઓ દ્વારા માટીનું ખનન કરવામાં આવી રહ્યું છે. તળાવમાંથી ખોદીને એકઠી કરાઈ માટીના ઢગલાઓ હાઈવે રોડ ઉપર પ્રાઈવેટ માલિકીની જમીનમાં કરવામાં આવ્યા છે. તેમ છતાં ખાણ-ખનિજ


તસ્વીર : નુર બાલા, વેજલપુર

વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવતી નથી.પંચમહાલ જીલ્લા ખનિજ માફિયાઓ રેતી, માટી, પથ્થરોનું ગેરકાયદેસર ખનન કરતાં હોય છે. આવા ખનિજ ખનન માફિયાઓને ખાણ-ખનિજ વિભાગનો ડર જોવા મળતો નથી. કાલોલ તાલુકાના અનેક ગામોમાંથી પસાર થતી ગોમા નદીના પટમાંથી ગેરકાયદેસર રેતી ખનન મોટાપાયે થતું આવ્યું છે. અવાર-નવાર ખાણ-ખનિજ વિભાગ માત્ર નામ પુરતી કાર્યવાહી કરીને ખનિજ ચોરી રોકવા ખાણ-ખનિજ વિભાગ સક્રિય હોવાની ખાતરી કરાવતા હોય છે. કાલોલ તાલુકાના વેજલપુરના મહિસા તળાવમાંથી ખનિજ માફિયાઓ દ્વારા તળાવની માટીનું કોઈપણ જાતની પરવાનગી કે મંજુરી વગર ગેરકાયદેસર રીતે ખોદકામ કરીને માટીનું ખનન કરવામાં આવી રહ્યું છે. તળાવમાંથી ગેરકાયદેસર રીતે ખોદકામ કરીને માટીને ટ્રેકટરોમાં ભરીને ગોધરા-વડોદરા હાઈવે રોડ ઉપર આવેલ આદર્શ નિવાસી શાળાની બાજુમાં આવેલ પ્રાઈવેટ માલિકીની જગ્યામાં માટીના ઢગલાઓ કરવામાં આવ્યા છે.

મેન હાઈવે રોડ ટચ ખુલ્લી જગ્યામાં ગેરકાયદેસર તળાવમાંથી ખોદીને ચોરી કરવામાં આવેલ માટીના ઢગલાઓ જાહેરમાં કરવામાં આવ્યા છે. તેમ છતાં ખાણ-ખનિજ વિભાગને આવી ખનિજ ચોરી નજરે પડતી નથી. કાલોલ તાલુકાના વિસ્તારના ગામોમાં ખનિજ માફિયાઓ વધુ પ્રમાણમાં રેતી અને માટીનું ગેરકાયદેસર ખનન કરવાના કિસ્સા છતાં ખાણ-ખનિજ વિભાગ દ્વારા કાર્યવાહી નહિ કરવામાં આવતાં ખાણ-ખનિજ વિભાગની કામગીરી સામે શંકા સેવાઈ રહી છે.

વેજલપુર ગામના મહિલા તળાવમાંથી ગેરકાયદેસર માટીની ચોરી કરીને ખુલ્લી જગ્યામાં ઢગલા કરવામાં આવ્યા છે. ત્યારે ખાણ-ખનિજ વિભાગ તપાસ કરીને કાર્યવાહી કરશે ખરું ?

**રેતી ખનન ની રોયલ્ટી પરમીશન મેળવી તેની ઓથ હેઠળ ખનિજ ચોરીનું રેકેટ ચાલે છે.....**

કાલોલ તાલુકામાંથી પસાર થતી ગોમા નદીમાંથી રેતીની લીઝ માટે રોયલ્ટી પરમીશન ખનિજ માફિયાઓ મેળવી લેતા હોય અને આવી રોયલ્ટી પરમીશનના આધાર બનાવીને બેફામ રીતે ખનિજ સંપતિની લુંટ ચલાવવામાં આવી રહી છે. કાલોલ પંથકમાં પહેલા રેતી ખનન માટે ખનિજ માફિયા ઉપયોગ કરતા હતા. હવે માટી ખનન તરફ વળી રહ્યા છે.

ખાણ ખનીજ વિભાગના અધિકારીઓ કોઈપણ પ્રકારની ખનીજ માફિયાઓ પર કાર્યવાહી ન કરતા હોય જેથી ખનીજ માફિયા ને છૂટ્ટો દોર મળી ગયો હોય તેવુ લાગી રહ્યું છે. જેથી ઉપલી અધિકારી દ્વારા તપાસ હાથ ધરવામાં આવે.

**કાલોલ પંથકમાં રેતી અને માટીના ખનનને લઈ પર્યાવરણને ભારે નુકશાન....**

કાલોલ તાલુકો અને ખનિજ માફિયાઓ માટે સ્વર્ગ બન્યો હોય તેમ લાગી રહ્યું છે. કાલોલ પંથકમાં ખનિજ ચોરી કરતા તત્વો ઉપર ખાણ-ખનિજ વિભાગનો ડર રહ્યો નથી. જેને લઈ આ વિસ્તારમાં અગાઉ ગોમા નદી માંથી ગેરકાયદેસર રીતે રેતી ઉલેચવામા આવી રહી હતી. હવે ખનિજ માફિયાઓ સરકારી ગૌચર જમીનો તેમજ નદીના પટ વિસ્તારોમાંથી મશીનો લગાવીને માટીનું ખોદકામ કરી રહ્યા છે. ખાણ-ખનિજ વિભાગ આવી ખનિજ ચોરી અંગે અજાણ છે અથવા તો અજાણ હોવાનો દેખાવ કરતા ખનિજ માફિયાઓ બેફામ બન્યા છે. કાલોલ પંથકમાં થઈ રહેલ ખનિજ ચોરીને લઈ પર્યાવરણને ભારે નુકશાન થઈ હ્યું છે.

**કાલોલ તાલુકાના ખનિજ ચોરીની તપાસ ગાંધીનગર ખાણ-ખનિજ વિભાગ કરે તે જરૂરી...**

કાલોલ તાલુકાના દરેક ગામોના તળાવો અને નદીઓમાં માટી અને રેતીનું ગેરકાયદેસર ખનન કરતાં માફિયાઓને ખાણ-ખનિજનો ડર રહ્યો નથી. તળાવોમાંથી માટીનું ખનન કરવા માટે કોઈપણ જાતની ગ્રામ પંચાયત કે ખાણ-ખનિજ વિભાગની મંજુરી વગર બેફામ ચોરી માટીનું ખનન કરવામાં આવી રહ્યું છે. જો પંચમહાલ જીલ્લાના કાલોલ તાલુકામાં ખાણ-ખનિજ વિભાગ ગાંધીનગરની ટીમ દ્વારા તપાસ કરવામાં આવે તો સરકારની તિજોરીને નુકશાન થતા નુકશાનનો અંદાજ આવી શકે તેમ છે.

## ગુજરાત સફાઈ કામદાર મહામંડળના પ્રદેશ પ્રમુખ કસ્તુરભાઈ મકવાણાએ શહેરા નગરપાલિકાની મુલાકાત લીધી

શહેરા, ગુજરાત સફાઈ કામદાર મહામંડળના પ્રદેશ પ્રમુખ કસ્તુરભાઈ મકવાણાએ શહેરા નગરપાલિકાની મુલાકાતે લીધી હતી અને તેઓ દ્વારા નગરપાલિકાના ચીફ ઓફીસર એ.એસ પટેલને સફાઈ કામદારોના વિવિધ પ્રશ્નોને લઈને રજુઆતો કરવામાં આવી હતી. તેમને મીડીયા સાથેની



વાતચીતમાં જણાવ્યું હતું કે ગુજરાત સફાઈ કામદાર મંડળ ૧૬૨ નગર પાલિકામા કામ કરતુ મંડળ છે.આ મંડળને રાજ્ય સરકારે માન્યતા આપી સ્ટેટ કમીટીની રચના કરવામાં આવી છે.રાજ્ય સરકાર પરિપત્રો છે તેના લાભો નગર પાલિકા રોકી રાખે છે, ઘણા વર્ષોથી પાલિકા દ્વારા સફાઈ કર્મીઓને કાયમ કરવાના બદલે રોજમદારોમાં રાખે,ફિકસ પગારમા રાખે તેના અધિકારો દબાવી રાખવામાં આવે છે. એ માટેની રજૂઆતો કરવા આવ્યા છે. તેમ કામદાર મહામંડળના પ્રદેશ પ્રમુખે જણાવ્યું હતું.

‘૮૫૯૫૫૨૪૫૨૩’ નંબર વિદ્યાર્થીઓએ સેવ કરી ફક્ત હેલો લખશે તો ક્વિક રિપ્લાય મળશે

## હવે વોટ્સેપથી રાજ્યમાં લેવાશે ધોરણ ૩ થી ૧૨ની ઓનલાઈન પરીક્ષા

ગાંધીનગર, ધોરણ.૩થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે શિક્ષણ વિભાગ દ્વારા વોટ્સઅપ બેઈઝડ કસોટી લેવાની સુવિધા ઉભી કરી છે. જેના માટે એક વોટ્સએપ નંબર પણ જાહેર કરવામાં આવ્યો છે, જે નંબર પર વિદ્યાર્થીઓએ એક વખત રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. ત્યાર બાદ દર અઠવાડીયે વિદ્યાર્થી પોતાનુ સ્વ મુલ્યાંકન કરી શકશે. પ્રથમ તબક્કામાં આગામી ૨૩મી જાન્યુઆરીના રોજ ધોરણ.૩થી ૫ના વિદ્યાર્થીની કસોટી લેવામાં આવશે. ત્યાર બાદ દર અઠવાડીયે આ કસોટી લેવાશે.

૨૩મી જાન્યુઆરીએ યોજાનારી વોટ્સએપ બેઈઝડ સપ્તાહ કસોટી દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસારિત થતાં ધોરણ.૩થી ૮ના વિષય વસ્તુ આધારીત અને ધોરણ.૯થી ૧૨ માટે ગુજરાત વર્ચ્યુઅલ શાળાના લાઈવ ક્લાસિસના વિષય વસ્તુ આધારીત બહુવિકલ્પી પ્રકારના પ્રશ્નો પુછવામાં આવશે. વોટ્સએપ પર પ્રશ્નોના જવાબ આપ્યા બાદ તરત જ તેનું પરિણામ

**પ્રથમ તબક્કામાં આગામી ૨૩મી જાન્યુઆરીના રોજ ધોરણ.૩થી ૫ના વિદ્યાર્થીની કસોટી લેવામાં આવશે**

આવી જશે. શિક્ષણ વિભાગે જાહેર કરેલ ‘૮૫૯૫૫૨૪૫૨૩’ નંબર વિદ્યાર્થીઓએ સેવ કરી ફક્ત હેલો લખશે તો ક્વિક રિપ્લાય મળશે. ત્યારબાદ વિદ્યાર્થીએ શાળાનો યુડાયસ કોડ લખીને મોકલવાનો રહેશે. જેથી સામેથી રિપ્લાયમાં સ્કૂલની વિગતો આવશે.

ત્યારબાદ વિદ્યાર્થીએ પોતાની ધોરણની વિગતો આપવાની રહેશે. ત્યાર બાદ નામની ખરાઈ કરતા નોંધણી થઈ હોવાનો રિપ્લાય આવશે. ત્યારબાદ વિદ્યાર્થી વોટ્સએપ પર પરીક્ષા આપી શકશે. ૧૦ પ્રશ્નોના જવાબ આપી દીધા બાદ તરત જ તેનું પરિણામ આવી જશે અને સાચા જવાબની એક ફઈલ પણ મોકલાશે. જેમાં વિદ્યાર્થીને કચાશ જણાશે તે મુદ્દાની લીંક પણ મોકલાશે.

## દુનિયાની ચોથી સૌથી શક્તિશાળી સેના ભારતની, પાકિસ્તાન ૧૦માં ક્રમે

ઈસ્લામાબાદ, દુનિયાની સૌથી શક્તિશાળી સેનાની યાદી બહાર પાડતા ગ્લોબલ ફાયરપાવરનાં તાજેતરનાં રેક્ગિમાં પાકિસ્તાની સેનાને ૧૩૩ દેશોમાં ૧૦મું સ્થાન મળ્યું છે, પાકિસ્તાને ઈઝરાયેલ, કેનેડા, ઈરાન અને ઈન્ડોનેશિયાને પણ પાછળ રાખ્યા છે, તે બીજી તરફ આ રેકિંગમાં ભારતે ચોથું સ્થાન જાળવી રાખ્યું છે.

ગ્લોબલ ફાયર પાવર ઈન્ડેક્સ ૨૦૨૧માં ટોપ-૧૫ દેશોમાં પાકિસ્તાન એક માત્ર એવો દેશ છે, જેનું રેક્કિંગ સુધર્યુ છે, આ રેક્કિંગ ૫૦ ફેક્ટર્સ પર તૈયાર કરવામાં આવી છે, તેમાં સૈન્ય તાકાતથી માંડીને આર્થિક અને લોજીસ્ટિક ક્ષમતા તથા ભૌગોલિક તાકાતનો સમાવેશ થાય છે, પાકિસ્તાનને ૦.૨૦૮૩ સ્કોર મળ્યો છે, પાકિસ્તાને ગત વર્ષની તુલનામાં વર્ષ ૨૦૨૧માં ૫ સ્થાનને જમ્પ લગાવ્યો છે.

પાકિસ્તાન કુલ બજેટમાંથી ૭ અબજ ડોલર સંરક્ષણ પાછળ ખર્ચ કરે છે, આ યાદીમાં અમેરિકાની સેનાને સૌથી શક્તિશાળી બતાવવામાં આવી છે.ત્યાર બાદ રશિયા,ચીન અને ભારતનો નંબર આવે છે, ભારતનું પાવર ઈન્ડેક્સ રેક્કિંગ ૦.૧૨૧૪ છે, ભારત બાદ જાપાન, દક્ષિણ કોરિયા, ફ્રાંસ, બ્રિટન અને બ્રાઝિલનો ક્રમ આવે છે.

## મોરવા(હ)ના માતરીયા વેજમા ગામે સસ્તા અનાજ દુકાનની તપાસ પુરવઠા વિભાગે કરવી તે જરૂરી

મોરવા(હ), મોરવા હડફ તાલુકાના માતરીયા વેજમા ગામમા સસ્તા અનાજની દુકાનમા રેશનકાર્ડ ધારકોને અનાજ સહિતનો જથ્થો પુરતો મળે છેકે નહી તેની તપાસ પુરવઠા વિભાગ દ્વારા ઓચિંતી કરવામા આવે તે અંત્યત જરૂરી બન્યુ છે. હાલતો સસ્તા અનાજની દૂકાન ખાતે મળવા પાત્ર અનાજનો જથ્થો તેમજ કેટલુ અનાજ રેશનકાર્ડ ધારકોને મળશે તેની વિગત લખવામાં આવતી નથી.

મોરવા હડફ તાલુકામાં ૩૦ થી વધુ સસ્તા અનાજની દુકાનો આવેલી છે. તેમાની એક માતરીયા વેજમા ગામમાં આવેલી સસ્તા અનાજની દુકાન ખાતે ૭૦૦થી વધુ રેશનકાર્ડ ધારકોને અનાજનો જથ્થો પુરતો મળે છે કે નહી તેની તપાસ કરવામા પણ પુરવઠા વિભાગ ઉદાસીનતા દાખવી રહ્યું હોય તેમ લાગી રહ્યુ છે. હાલતો સસ્તા અનાજની દૂકાન ખાતે રેશનકાર્ડ ધારકોને અનાજનો જથ્થો કેટલો મળવા પાત્ર છે. તે અંગેની વિગતો પણ લખવામા આવતી નથી.રેશનકાર્ડ ધારકોને અનાજનો જથ્થો સમયસર મળે છેકે નહી તેની તપાસ સાથે રેશનકાર્ડ ધારકોના હીત માટે આ સસ્તા અનાજના દૂકાનની ઓચીંતી મૂલાકાત લેવામા આવે તે અંત્યત જરૂરી લાગી રહ્યું છે.આ સસ્તા અનાજની દૂકાન ખાતે પુરવઠા વિભાગના નિયમોનુ પાલન યોગ્ય પાલન થાય તે માટે પુરવઠા વિભાગ નિષ્પક્ષ તપાસ કરશે ખરૂ ? સસ્તા અનાજની દૂકાનમાથી રેશનકાર્ડ ધારકોને આપવામા આવતા અનાજ,કેરોસીનથી અનેક લોકોનુ જીવનનિર્વાહ થાય છે.જીલ્લા પૂરવઠા વિભાગ પણ ઉપરોકત બાબતે ગંભીરતાથી લઈને મીઠી નજર ના રાખીને આ સામે યોગ્ય તપાસ હાથ ધરે તે જરૂરી છે

## ઘોઘંબાના રીંછવાણી ગામ નાળા પાસે ટેલરની ટકકર એ રાહદારી મહિલાનું મોત

ઘોઘંબા, ઘોઘંબા તાલુકાના રીંછવાણી નાળા પાસે થી પસાર થતા ટેલર ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી રસ્તે ચાલતા જતાં રાહદારી મહિલાને ટકકર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી ઘટના સ્થળે મોત નિપજાવી વાહન ચાલક નાશી છુટતાં ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના રીંછવાણી ગામે નાળા પાસે વળાંકમાં રોડ ઉપર થી પસાર થતા ટેલર નં. જીજે.૧૬. એયું.૬૬૩૪ ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવતો હતો. અને રોડ સાઈડે ચાલતા જતાં રાહદારી સીતાબેન દશરથભાઈ બારીયા તથા દશરથભાઈ બારીયાને ટક્કર મારી હતી. ટેલરની ટકકરે સીતાબેનને ગંભીર ઈજાઓ થતાં ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યું હતું. જ્યારે દશરથભાઈને ઓછી વધતી ઈજાઓ પહોંચાડી ટેલર ચાલક દશરથભાઈને ઓછી વધતી ઈજાઓ પહોંચાડી ટેલર ચાલુક પોતાનું વાહન દામાવાવ લાવી રોડ ઉપર મૂકી નાશી જઈ ગુનો કરતાં આ બાબતે દામાવાવ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## માતવા, વજેલાવ, નેલસૂર ગામે નશાબંધી લોકડાયરો તલાટી કમ મંત્રીની ઉપસ્થિતિ યોજાયો

દાહોદ, નશાબંધી અને આબકારી જિલ્લા અધિક્ષક દાહોદ ની કચેરી.અને ડો.આબેડકર સાવેજનિક યુવક મંડળ જેસાવાડાના સંયુક્ત ઉપક્રમે નશાબંધી લોકડાયરો યોજાયો. જેમા નાયબ નિરિક્ષક દિપક બામણીયા, જમાદાર પારગી, ભૂતવડ શાળાના આચાર્ય કિરણસિંહ ચાવડાની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

સંસ્થા ના કલાકારો દ્વારા લોકડાયરા માં વ્યસન મુક્તિ સમજ આપવામાં આવી હતી. મોડેલ ડે સ્કુલ વજેલાવ, વિશાલ નંદાનિયા, પગાર કેન્દ્રના આચાર્ય ઘવલ પ્રજાપતિ, સરપંચ પુત્ર નિલેશ ડામોર વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## પંચમહાલ જીલ્લામાં આજે ૦૭ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૩૯૧૦ થયો

ગોધરા, પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૦૭ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૦૭ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૩૯૧૦ થવા પામ્યો છે.

**- ૦૫ દર્દી સાજા થતાં રજા અપાઈ.**
**- એકટીવ કેસ ૩૭.**

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૦૭ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરા-૦૭ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

## હિરો મોટો કંપની એ મોટર સાયકલ પ્રોડકશનમાં ૧ રેન્ક મેળવતા રાજાઈ મોટર્સ ગોધરા દ્વારા ઉજવણી કરાઈ

ગોધરા, ભારતની હીરો મોટો કોર્પ કંપનીએ આજ રોજ ૧૦ કરોડ મોટરસાયકલ નું પ્રોડકશન કરી ઓટોમોબાઈલ ઈન્ડસ્ટ્રી માં વર્લ્ડ નંબર ૧ નો રેન્ક મેળવતા ગોધરા સ્થિત હીરો કંપની ના ઓથોરાઈઝ ડીલર રાજાઈ મોટર્સ દ્વારા તેઓના માનવંતા ગ્રાહકો સાથે ઉજવણી કરી હતી.આ પ્રસંગે ગોધરા ધારાસભ્ય સી.કે.રાઉલજી તેમજ કંપની ના અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

ત્યારે આ પ્રસંગે ગોધરા રાજાઈ મોટર્સના માલિક કિશોરભાઈ રાજાઈ એ જણાવ્યું હતું કે, ભારતની અગ્રગણ્ય કંપની હીરો મોટો કોર્પ દ્વારા છેલ્લા કેટલાય વર્ષો થી અમારા માનવંતા ગ્રાહકોનો વિશ્વાસ સંપાદિત કરતા અત્યાર સુધી માં ૧૦ કરોડ મોટરસાયકલ નું પ્રોડકશન કર્યું છે.જે એક ગૌરવ ની વાત કહી શકાય. કંપની સતત ૨૦ માં વર્ષે વર્લ્ડ નંબર ૧ નો ક્રમાંક મેળવ્યો છે.આ ઉપલબ્ધી કદાચ આવનારા સમય માં અન્ય કોઈ કંપની ના ફાળે નહીં જાય.કંપની એ સતત ગ્રાહકો નો વિશ્વાસ જીત્યો છે અને ડિલરો ની સાથે સાથ સહકાર થી આગળ ધપી રહી છે.જે અમારા માટે આનંદ ની વાત છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 128